# પ્રેસ નોટ

પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેરનાઓની સુચના અનુસાર સંયુક્ત પોલીસ કમિશ્નરશ્રી મુથક નાઓના માર્ગદર્શન નીચે હાલમા અમદાવાદ શહેર પોલીસના તમામ પો.સ્ટે/શાખામા કાર્યક્રમ બનાવી હેડ કવાટર્સથી એ.ડી.આઇ મોકલીને ઇન્સાસ રાયફલની તાલીમ આપવાનુ શરૂ કરેલ છે. જેમા આ સિવાય હાલમા એલ.આર.ડી. નો રીફ્રેશર કોર્ષ પણ ચાલુ કરેલ છે. જેમા પણ ઇન્સાસ રાયફલની જાણકારી આપવામા આવે છે. હાલમા પોલીસ ખાતામા નવી ભરતી માટે મહિલાઓને માર્ગદર્શન મળી રહે તે માટે શાહીબાગ પોલીસ મુખ્ય મથક ખાતે પુર્વ ભરતી તાલીમનુ આયોજન કરેલ છે. આ ઉપરાંત તમામ પો.સ્ટે/શાખા દ્વારા પોતાના વિસ્તારની મહિલા/યુવતીઓને જુડો-કરાટેની સ્વરક્ષણની તાલીમ આપનાર છે. જેની સાથે ૦.૨૨ રાયફલની તાલીમ આપી ફાયરીંગ કરાવવાનુ છે. અગાઉ જે મહિલાઓ/યુવતીઓએ પો.સ્ટે/શાખામા સ્વૈચ્છીક ૦.૨૨ રાયફલના ફાયરીંગ માટે ફોર્મ ભરેલ હતુ અને અનિવાર્ય કારણોસર ફાયરીંગ કરેલ ન હોય તેઓ ફાયરીંગ કરવા માટે ઇચ્છા ધરાવતા હોય તો દિન-૫મા પો.ઇ.શ્રી તાલીમની કચેરીએ રૂબરૂ સંપર્ક કરવો.

અદદનીશ પોલીસ કમિશ્નર
તાલીમ મુખ્ય મથક શાહીબાગ
અમદાવાદ શહેર